

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*પથારીની પડાપડી, ને તંત્ર તડફડે છે!*
*સહી શકતાં નથી સગાવ્હાલાં સૌ ભડભડે છે!*
*લથડે તબિયત દર્દીઓની વહીવટ સાથે*
*મૃત્યુ વૃક્ષે, વાયુ માટે પ્રાણપંખી તરફડે છે!*

હાઈકુ

*છે તંત્ર પણ !*
*સુવિધા શૈયા પર -*
*અધ્ધર શ્વાસે !*
*('તૂટતું' તંત્ર)*

*બેદરકારી !*
*ખોટી ઉતાવળમાં -*
*દર્દી ધૂમાડો !*
*('ઓક્સિજન' લીક)*

### ચિંતન

**યસ્યં ચિત્તં દ્રવીભૂતં કૃપયા સર્વજન્તુષુ ।**
**તસ્ય જ્ઞાનેન મોક્ષેણ કિં જટાભસ્મલેપનૈ : ॥**

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

જેનું મન પ્રાણીમાત્ર પર દયાથી પીઘળી જાય છે, તેને જ્ઞાન મોક્ષની પ્રાપ્તિ તથા જટા ધારણ અને શરીર પર ભસ્મ લગાડવાની શું આવશ્યકતા છે.

અર્થાત્ જે વ્યક્તિના મનમાં પ્રાણીઓના કષ્ટોને જોઈને દયાભાવ આવે છે, તેને જ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ કરવા માટે તપની આવશ્યકતા નથી.

પ્રાણીમાત્ર તરફ જેના મન અને હૃદયમાં દયાભાવ હોય એ જ લોકો સાચા અધ્યાત્મના માર્ગે છે એને જપ-તપ-સાધનાની કોઈ જ જરૂર નથી.

### સુવિચાર

- જિંદગી કૈસી અજીબ હો ગઈ હૈ,
  ખુશ દિખના ખુશ હોને સે જ્યાદા જરૂરી હો ગયા હૈ - **અમૃતબિંદુ**
- જયાં સુધી અજ્ઞાન છે ત્યાં સુદી આત્મા જ્ઞેય છે,
  જ્ઞાન થયા પછી જ્ઞાતા છે - **આપ્તસૂત્ર**
- મનનાં પરિણામમાં આત્મા તન્મયાકાર થાય,
  તો ધ્યાન ઉત્પન્ન થાય - **દાદા ભગવાન**
- રૂપાળી ચામડી કરતાં સ્વચ્છ મન અનેકગણું તેજસ્વી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બે કિનારા નહિ મળે, કહીને બધા બેસી રહ્યાં,
  કોઈ પણ કહેતું નથી કે ચાલ, સેતુ બાંધીએ - **તરુણ કવિ**
- માનવનું આધ્યાત્મિક જીવન પણ પંચતત્વનું બનેલું પંચવટી જ છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : એક ગ્લાસ પાણીમાં બે નંગ લવિંગ નાખી ઉકાળીને તે પાણી પીવાથી કોલેરામાં લાગતી તરસ મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જો ધન સંપત્તિ જ બધું હોત તો કોઈ ધનવાન દુઃખી ન હોત. આપણે જેને નસીબદાર સમજતા હોઈએ છીએ એ પણ પોતાને કયાં લકી સમજે છે?? એક રાજા હતો. એને કયાંક સુખનો અનુભવ થતો ન હતો. રાજાએ પોતાના અંગત પ્રધાન ને આ મુશ્કેલીનો ઉકેલ શોધવા કહ્યું કે હું શું કરું તો મને મજા આવે? શું કરું તો સુખની અનુભૂતિ થાય? પ્રધાને કહ્યું, 'મહારાજ, આપણા રાજયમાં સૌથી સુખી માણસનું પહેરણ પહેરો તો તમને સુખની અનુભૂતિ થાશે. તેણે જે અનુભૂતિ હોય તે તમને આવશે.' રાજાએ આદેશ આપ્યો કે આપણા રાજયમાં જે સુખી માણસ હોય તેને શોધી મને મુલાકાત કરાવો. પ્રધાન મંડળ એક સુખી માણસની શોધમાં નિકળ્યા. લોકોને પૂછ્યું કે શું તમે સુખી છો? દરેકે કોઈને કોઈ કારણ આપીને કહ્યું કે એમને પ્રોબ્લેમ અને સમસ્યાઓ છે. એક ફકીર એવો મળ્યો કે જેણે કહ્યું કે હું સુખી છું. એને રાજા સમક્ષ હાજર કર્યો. રાજાએ પૂછ્યું, 'હે સુખી માણસ, મને તારું પહેરણ આપ.' પેલા માણસે કહ્યું, 'મારું પહેરણ?' હું તો ફકીર છું. મારા શરીર પર આ એક જ કપડું છે. 'મારું પહેરણ?' હું તો ફકીર છું. મારા શરીર પર આ એક જ કપડું છે. જો તમને સુખ આપતું હોય તો આ લઈ લો તમે રાખો. હું તો મારી પોતડીથી ચલાવી લઈશ.' રાજાને પોતાનું પહેરણ ઓઢાડતી વખતે કહ્યું કે રાજન, સુખ પહેરણ કે સાધન-સંપત્તિમાં નથી હોતું. સુખ તો આપણી અંદર જ હોય છે. હું મારા અંદરના સુખને સતત જીવતું રાખી જીવું છું. તમે ખોટું સુખને બહાર શોધો છો. તમારી ભીતર શોધો. સુખ મળી જ આવશે.' રાજાએ ફકીરને વંદન કર્યા.

# આપણે દયાજનક સ્થિતિમાં મુકાયા છીએ...

**તંત્રીસ્થાનેથી...**

એક પછી એક વડી અદાલતો સરકાર અને ચૂંટણીપંચ જેવી કહેવાતી સ્વાયત્ત સંસ્થાઓને કડકમાં કડક ભાષામાં ખખડાવવા લાગી છે. દિલ્હી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની જેમ ગુજરાત હાઈકોર્ટે પણ સરકારી તંત્રના કાન આમળવામાં કસર છોડી નથી. છેલ્લે મદ્રાસ (ચેન્નઈ) હાઈકોર્ટ વારો કાઢ્યો છે. વૈજ્ઞાનિકો અને સંક્રમણ તજજ્ઞોએ આગાહી કરી જ હતી કે કોરોનાનો બીજો દોર સુનામીની જેમ ત્રાટકશે અને ઠેર ઠેર લાશોના ગંજ ખડકાઈ જશે. પરંતુ રાજકીય પક્ષો એમના સત્તાકારણથી બહાર નીકળી જ ન શક્યા. રેલીઓ પણ રેલીઓ યોજાઈ ગઈ. ચૂંટણી જીતવી એ જ જાણે જીવનનું એક માત્ર ધ્યેય હોય એમ વડાપ્રધાનથી લઈ વિપક્ષના નેતાઓએ જંગમાં યા હોમ કરીને ઝુકાવી દીધું. સવિશેષ પશ્ચિમ બંગાળનું ચૂંટણી યુદ્ધ બધાને ભારે પડી રહ્યું છે. ગુજરાતમાં પંચાયતો અને મહાનગર પાલિકાઓ તથા નગરપાલિકાઓની ચૂંટણીએ ખંગ વાળી દીધો. ઓછામાં પૂરું નરેન્દ્ર મોદીના નામે કરી દેવાયેલ ક્રિકેટ સ્ટેડિયમ પણ કોરોના માટે ખુલ્લું અને મોકલું મેદાન બની ગયું. 'નમસ્તે ટ્રમ્પ' ના ચાટુકારીયુક્ત જલસાથી શરૂ કરી મોદીએ બંગાળ અને આસામ તથા તમિલનાડુ જેવા રાજયોમાં લાખોની રેલી યોજી. સંક્રમિત થઈને વારંવાર હોસ્પિટલનું શરણું લઈ ચૂકેલા ગૃહમંત્રી અમિત શાહે પણ એમના બોસની આજ્ઞા માથે ચડાવીને દેશને કોરોનાગ્રસ્ત કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. અદાલતે ચૂંટણીપંચને હત્યાની ગુનેગાર ટોળકીમાં સામેલ કર્યું છે. અધિકારીઓને 'લટકાવી દેવા' સુધીની ચીમકી આપી છે. પરંતુ આ રાંડ્યા પછીનું ડહાપણ છે. આ જ અદાલતો વેળાસર ચૂંટણી પંચને બ્રેક મારી શકી હોત. એમાંનું કશું'જે કરી શકેલ નથી. એથી 'શિવસેના'નું મુખપત્ર તો કોર્ટના પણ કાન આમળે છે. દેશ પ્રલયંકર પરિસ્થિતિનો સામનો કરી રહ્યો હોય ત્યારે એકબીજાના માથે દોષનો ટોપલો ઢોળી દેવા કરતાં આવી પડેલી આફતમાથી ઉગરવાનો સહિયારો પુરુષાર્થ કરવો જરૂરી છે. વિશ્વ આખું ભારતને દયામણી સ્થિતિમાં મુકાયેલ જોઈ મદદે ધાવા કોશિશ કરી રહ્યું છે ત્યારે પણ આપણા નેતાઓ તો કોરોનાને 'હરાવવા'ની ગુલબાંગો પોકારે છે. કુલ વસતિનાં પ્રમાણમાં ભારતનો મૃત્યુઆંક આખી દુનિયા કરતાં ઓછો હોવાની હૈયાધારણ લઈ રહ્યા છો. એ જ તમને મોટા કરી મોભારે બેસાડે છે. જો હોસ્પિટલમાં પચાસ પચાસ વરસ સુધી સેવાઓ આપનાર ડોકટરને જ ઓક્સિજનના અભાવે મરવું પડતું હોય તો એથી વધુ દયાજનક સ્થિતિ બીજી કઈ હોઈ શકે! કબૂલ કરો કે આપણે એક પ્રજા તરીકે કોરોનાનો સામનો કરવામાં સરિયામ ફેલ થઈ ચૂક્યા છીએ. રામજન્મભૂમિના નામે ચૂંટણી તો જીતી શકાય છે, પણ કોરોનાના દરદીને બચાવી શકાતો નથી. દેશ એવી વિકટ પરિસ્થિતિમાં મુકાઈ ગયો છે કે ખરું પૂછો તો પ્રજા તરીકે આપણે દુનિયાને મોઢું બતાવવાલાયક પણ નથી રહ્યા. તાળીઓ, થાળીઓ, દીવા અને ઉત્સવો - વિજયકૂચો, રેલીઓ, લાંબા લચ્ચ ભાષણો એ બધી બાબતોએ સરવાળે આપણને વિશ્વની સૌથી મૂર્ક પ્રજા તરીકે પ્રસ્થાપિત કરેલ છે. કોરોનાનો 'ક' ઘૂંટવામાં અને ચૂંટણીનો 'ચ' ઘૂંટવામાંથી નવરા નહીં પડેલા આપણા નેતાઓનેને 'ખેરિયત'નો 'ખ' ઘૂંટવાનું કયારે આવડશે ?

# ગુગ્લી અને આયર્નને તો ઓનલાઈન ભણવાનાની મજા પડી ગઈ



**નવાં કલેવર**

નટવર હેડાઉ

ગુલીનું શાળામાં બોલાતું નામ તત્સમી છે. પરંતુ ઘરમાં સ્કૂલના નામે કોણ બોલાવે. તેથી ગુગ્લીને પણ પોતાના માટે ગુલ્બી કે ગુગલ સાંભળવાની આદત છે.

હવે ગુગ્લી આઠ વરસની છે. તેનો ભાઈ આયર્ન ચૌદ વરસનો છે. સવારે સાત વાગ્યે બંનેને તૈયાર થઈ સ્કૂલ બસની રાહ જોવી પડે છે. ગુગ્લી અને આયર્ન સ્કૂલ બેગ ખભે ઉપાડીને ઘરના દરવાજા સુધીઓ આવી જાય છે. તેમની આંખોમાં ઊંઘ ભરેલી હોય છે. જો બસને આવવામાં મોડું થાય તો ગુલ્બી કહે છે, 'ભઈલુ, મમ્મી આપણને થોડીવાર વધુ સુવા દેતી હોત તો સારું હતું.'

'એમાં સારું શું ?' આયર્ન કહે તો. મમ્મી માથે ઉભી રહી બૂમો પાડે એટલે ઉઠવું તો પડે જ ને 'લે જો આ બસ આવી ગઈ.'

બસમાં બેસવાનું છોકરાઓનું ગમતું. ઊંઘ ઉડી જતી. ઘણા મિત્રો મળતા, ગુગ્લી અને આયર્ન ભણવામાં હોંશિયાર હતાં. દરેક વિષયમાં એટલસ લાવતાં.

ગુગ્લીના વાળ બહુ લાંબા હાત. તેથી શાળાના વાર્ષિક ઉત્સવમાં તેને હંમેશા ભારતમાતા કે સરસ્વતી બનાવવામાં આવતી, ગુગ્લીનો અવાજ પણ બહુ સારો હતો. તેને નૃત્યનો પણ શોખ હતો. દર વર્ષે વાર્ષિક કાર્યક્રમમાં ભાઈ-બહેન ઈનામો મેળવતાં.

એક દિવસ ટીચરે આયર્નના કલાસને ઈકવીનોકસના વિષય પર નિબંદ લખવાનું કહ્યું. બધાં બાળખો ગભરાઈ ગયા. થોડા દિવસ પહેલાં ટીચરે ઈકવીનોકસ અંગે થોડી વાત કરી હતી. આયર્ન ઘેર આવી વિચારમાં પડી ગયો. તેને એટલું યાદ હતું કે આ કંઈક ધરતી અને સૂરજની વાત છે. પણ શું ? તે યાદ આવતું ન હતું.

આયર્ન અને ગુગ્લીના ઘરમાં એક નાનું ઉપકરણ લાગેલું હતું. 'ગૂગલ હોમ મિની' આ એક વાઈફાઈ સ્પીકર હોય છે. જે ઘરના નોકરની જેમ કામ કરે છે. તે લાઈટ ઓન ઓફ કે બારણાં બંધ કરવા જેવાં નાના કામ કરે છે, તે સાથે અઘરા પ્રશ્નોના જવાબ શોધવામાં રસ્તા બતાવે છે.

આયર્ન અને ગુગ્લીએ હોમમની આગળ ઊભા રહીને પૂછયું, 'ઓકે, ગૂગલ વોટ ઈટ ઈઝ ઈક્વિનોક્સ?'

ગૂગલ મીનીએ કહ્યું, 'એ ધરતી અને સૂરજ અંગે છે. ગૂગલ પાસે જાઓને પ્લીઝ.' જે વખતે પપ્પાએ ડેસ્કટોપ પર કામ બંધ કર્યું. આયર્ન ત્યાં પહોંચી ગયો. અને તેણે ગૂગલ પર લોગઈન કર્યું. 'અરે ! અહીં તો માહિતીનો ખજાનો છે. હજુ થોડું વાંચ્યું તો પ્રશ્નો અંગે બધુ જ સમજાઈ ગયું છે કે વરસમાં બે વખત એવો સમય આવે છે કે જયારે સૂરજ ઈકવેટર એટલે કે ભૂમધ્યરેખાની બિલકુલ ઉપર ચમકે છે. એવું ફક્ત ૨૦ માર્ચ અને ૨૨ સપ્ટેમ્બરે થાય છે. આ બે દિવસોમાં રાત અને દિવસ બંને સરખા હોય છે. આ શબ્દ બે લેટિન શબ્દો મળીને બન્યો છે. ઈકવસ જેનો અર્થ સમાન, નોક્સ એટલો અર્થ થાય રાત.'

'વાહ! શું વાત છે? આર્યન ને તરત સમજાઈ ગયું. તેણે પોતાની નોટબુકમાં સુંદર અક્ષરે ઈકવીનોક્સ અંગે નિબંધ લખ્યો જેને દસમાંથી દસ માર્કસ મળ્યા.'

એજ રીતે એક દિવસ કલાસમાં તસ્સમી ઉર્ફે ગુગ્લી તેરનો ગડીયો મોઢે બોલવામાં ખચકાઈ ગઈ. બાર સુધીના ઘડિયા તેને મોઢે હતા પણ તેરનો યાદ આવતો ન હતો. તે દિવસે સ્કૂલેથી આવીને હોમ મીની સામે બેસી ગઈ અને કહ્યું, 'ઓકે, ગૂગલ મને તેરનો ઘડીયો બતાવ.'

ગૂગલ હોમ મીનીના તો છક્કા છૂટી ગયા. ગૂગલ તેવામાં ઓરડામાં આયર્ન આવ્યો. તેણે ગૂગલની મુશ્કેલી સમજીને કહ્યું, 'તારું નામ ગુગ્લી છે તેનો અર્થ એ નથી કે આખો દિવસ ગૂગલ મીનીની પાછળ પડી જાય. તારી નોટબુક લાવ હું લખી આપું. તેરનો ઘડીયો તું નીચે બગીચામાં જઈ આમ તેમ ફરતાં ગોખી નાંખ પાંચ મીનીટ થશે.'

આયર્ને લખ્યું. ગુગ્લીએ વારંવાર પૂછીને એ તો જાણી લીધું કે સરવાળા-બાદબાકીમાં તે ખુબ ઝડપી છે પણ ઘડીયા ગોખવામાં ફસકી જાય છે.

એકબીજા કામમાં પણ ગૂગલ હોમ ખુબ જ ઝડપી હતા. છોકરાઓએ શોધી કાઢ્યું કે અઘરા શબ્દોના અર્ત તે જલ્દી કહી શકે છે. હવે તો આયર્ન અને ગુગ્લી બંને પોતાનું હોમવર્ક લઈ ગૂગલ હોમ મીની સામે બેસી જાય છે. જે શબ્દનો અર્થ તેમને ન સમજાય તે માટે કબાટમાંથી શબ્દકોષ કાઢવાને બદલે કહે છે, 'ઓકે ગૂગલ વોટ ઈઝ ધ મિનીંગ ઓફ ધીસ વર્ક.'

એક જ મુશ્કેલી છે. એક વાતમાં તે ઉણો ઉતરે છે. તે ગુજરાતી નથી સમજતો. જયાં તમે એમ કહો કે, 'ઓકે ગૂગલ' તે સક્રીય થઈ જાય છે.

સ્કૂલ બંધ થઈ ગઈ છે અને ઓનલાઈન ભણવાનું શરૂ થયું છે ત્યારથી ગુગ્લી અને આયર્નને તો તેની સાથે ભણવાનાની મજા પડી ગઈ છે.

# 'રફ નોટ બૂક' અને 'ફેર નોટ બૂક': આપણે કઈ ભૂમિકા ભજવીએ છીએ?



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

**(વિચારબીજ : શ્રી મનોજ બધેકા, અમદાવાદ)**

આપણે સૌએ શાળા અને કોલેજનાં સમય દરમ્યાન ''રફ નોટ બૂક'' (કાચી નોટબુક) નો ઉપયોગ કર્યો જ હશે છે અને સાથે સાથે ''ફેર નોટ બૂક'' (પાક્કી નોટબુક) પણ બનાવી જ હશે. આપણે જાણીએ છીએ કે રફ નોટબુકનો ઉપયોગ આપણે ખૂબ જ ખરાબ રીતે કરતાં. વર્ગો ભરતાં હોઈએ ત્યારે દરેક વિષયનાં તાસની નોંધ રફ બૂકમાં જ કરતાં. એ સિવાય પણ બીજી કંઈપણ નોંધ કરવી હોય તો રફ નોટબૂક જ હાથવગી હોય. તેમાં સારા, ખરાબ ચિત્રો પણ 'ટાઈમ-પાસલ્ર માટે દોરતાં અને શેર-શાયરીઓ પણ લખતાં, આમ, રફ નોટ બૂક બધાં જ વિષયોનો અને બિન-વિષયક વિગતોનો ભાર વહન કરતી છતાં તેની હાલત તો હંમેશા રદ્દી જ રહેતી. ક્યારેક તો આગલા વર્ષની વપરાયેલી નોટબૂકનાં કોરા પાનાઓ એકઠાં કરીને તેને બાઈન્ડ કરાવીને તેનો રફ નોટબૂક તરીકે ઉપયોગ કરતાં.

ફેર નોટબૂકની વાત જ કંઈક અલગ હોય છે. દરેક વિષયની એક ફેર નોટ બૂક હોય. ક્યારેક તો એકઠી વધારે પણ હોય. એક ફેર નોટ બૂકમાં એ જ વિષય વિષે લખાતું જે વિષયની તે હોય. તેમાં બીજા ઈશને ક્યારેય સ્થાન ન હોય. તેમાં કંઈ જ આડા-અવળું નહીં, તેમાં કઈ જ બિન-જરૂરી નહિ, બધુ જ સુવાચ્ય, સુઘડ, સુંદર. ક્યારેક તો વિવિધ રંગોથી સજાવટ પણ થાય. ફેર નોટ બૂકનો મુખ્ય સ્રોત તો રફ નોટ બૂક જ હોય. ટૂંકમાં રફ નોટ બૂકને કારણે જ, તેનાં થકી જ ફેર નોટબૂક શક્ય બનતી અને તેની શોભા વધતી.

રફ નોટ બૂકઅને ફેર નોટબૂક નાં વિચારને, તેનાં વિરોધાભાસને અને તેનાં આગવા લક્ષણોને આપણાં કુટુંબ અને કુટુંબમાં રહેતા સભ્યોને સાથે સરખાવી શકાય? શું આપણાં કુટુંબમાં કોઈ એકાદ વ્યકિત રફ નોટ બૂકની ભૂમિકા ભજવતી હોય છે? શું આપણાં કુટુંબમાં રફ નોટ બૂક જેવા કોઈ એકાદ સભ્ય થકી કુટુંબનાં અન્ય સભ્યો ફેર નોટ બૂક જેવી સારી સ્થિતીમાં રહી શકતા હોય છે? આપણે ક્યારેય વિચાર્યું છે કે આપણાં કુટુંબમાં આપણે બેમાંથી કઈ ભૂમિકા ભજવીએ છીએ? રફ નોટ બૂકની કે ફેર નોટબૂકની?

આપણાં દરેક કુટુંબમાં મોટાભાગે એકાદ જ વ્યકિત એવી હોય છે જે કુટુંબની મોટાભાગની જવાબદારી ઉઠાવતી હોય છે. એ જવાબદારી આર્થિક હોય, સામાજીક હોય, કૌટુંબિક હોય કે અન્ય કોઈપણ પ્રકારની હોય. હા, એવું પણ બનતું હોય છે કે ઘરની અંદરની ગૃહિણી તરીકેની બધી જ જવાબદારી ઘરની કોઈ એક સ્ત્રી સભ્ય ઉપાડતી હોય અને ઘરની બહારની જવાબદારી કોઈ એક પુરુષ સભ્ય.

જ્યારે કુટુંબની મોટાભાગની જવાબદારી અદા કરવાની વાત આવે ત્યારે એવું જરૂરી નથી કે ઘરની વડીલ વ્યકિત જ એ જવાબદારી વહન કરતી હોય. ક્યારેક કુટુંબનું સૌથી નાનું યુવાન સભ્ય પણ આ પ્રકારની જવાબદારી વહન કરતી હોય છે. ક્યારેક માં, ક્યારેક બાપ, ક્યારેક દાદા કે દાદી તો ક્યારેક દીકરો કે દીકરી, આમ કુટુંબનું કોઈપણ સભ્ય આ પ્રકાની બધી જ જવાબદારી વહન કરતાં હોય છે. હા, આપણાં સમાજમાં કેટલાક એવા પણ ઘણા ઉદાહરણો છે કે કુટુંબની પુત્રવધૂ પણ ક્યારેક આ પ્રકની જવાબદારી અદા કરીને કુટુંબ પ્રત્યેની પોતાની ફરજ નિભાવતી હોય છે.

કુટુંબની આ રફ નોટ બૂક જેવી વ્યકિત 'સાવરણીની સાવરણી ને દાઢીની દાઢી' આમ દરેક પ્રકારની ભૂમિકા ભજવતી હોય છે. કુટુંબનું કોઈપણ પ્રકારનું કામ હોય, એ વ્યક્તિ હંમેશા તૈયાર જ હોય છે. ક્યારેક એવું પણ બનતું હોય છે કે કેટલાક જૂજ કામ જે કુટુંબનાં અન્ય સભ્યોની ફરજમાં આવતાં હોય અને એ સભ્યો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એ કામથી હાથ ઊંચા કરી દે ત્યારે પેલી રફ નોટ બૂક જેવી વ્યકિત હોંશે હોંશે એ કામ પૂરું કરીને કુટુંબ પ્રત્યેનું પોતાનું યોગદાન આપતી હોય છે.

કામનો અને ભૂલ થવાનો એક નિયમ છે, ''કામ કરે તેની ભૂલ થાય.'' કુટુંબની મોટાભાગની જવાબદારી સાંભળનાર વ્યકિત દરેક પ્રકારનાં કામ કરતી હોય છે એટલે તેમની ભૂલો પણ થાય એ સ્વાભાવિક છે. આવા લોકોનાં કામ સફળ થાય ત્યારે તેમની સરાહના નથી થતી હોતી પણ ભૂલ થાય ત્યારે તેઓને જ 'બલીનો બોકળોલ્ર બનાવતા હોય છે. આમ તેઓ સતત કામ કરીને કુટુંબીજનોની ટીકાઓ સહન કરતાં રહે છે. તેઓના નસિબમાં ભલે જશરેખા હોય કે ને હોય, કુટુંબીજનો તેના કામની પ્રશશાં કરે કે ન કરે પણ એ સભ્યો તો હંમેશનાં માટે ખુશીથી કુટુંબ માટે સતત ધસાતા રહેતા હોય છે.

રફ નોટ બૂક જેવી ભૂમિકા ભજવનારા કુટુંબના સભ્યો ક્યારેક પોતાનાં અંગત જીવનનો કંઈક ને કંઈક રીતે ત્યાગ આપતાં હોય છે. તેઓ ક્યારેક અભ્યાસનો ભોગ આપતા હોય છે તો ક્યારેક પોતાની કારકિર્દીનો. ક્યારેક પોતાની તંદુરસ્તીનો ભોગ તો ક્યારેક પોતાનાં અંગત શોખના ભોગ. ક્યારેક વ્યકિતગત વિકાસનો ભોગ તો ક્યારેક અંગત જીવનનો ભોગ. આમ, તેઓની જિંદગીમાં પોતાનાં અંગત જીવન કરતાં કુટુંબની હંમેશા પ્રાથમિકતા હોય છે.

કુટુંબમાં એકાદ વ્યકિતની જ, એકલ-દોકલ વ્યકિતની જ રફ નોટ બૂક જેવી અસરકારક ભૂમિકાને કારણે જ કુટુંબનાં અન્ય સભ્યો ફેર નોટ બૂક જેવુ સગવડતાભર્યું જીવન જીવી શકતા હોય છે. તેઓની સુખ-સગવડતા, તેઓનું આરામદાયક જીવન પેલી એકાદ વ્યકિતનાં કારણે જ હોય છે. આમ છતાં તેઓ ભાગ્યે જ પેલી વ્યકિતનું સાચું મૂલ્ય સમજતાં હોય છે. કુટુંબની એ એક વ્યકિતની હાજરી હોય છે ત્યાં સુધી અન્ય લોકોને તેનું મૂલ્ય નથી ક્યારેય સમજાતું પણ એ વ્યકિતની ગેરહાજરી કે તેની ગેરહયાતિ હોય ત્યારે તેનો અહેસાસ થતો અને તેનું સાચું મૂલ્ય સમજાતું હોય છે.

રફ નોટ બૂક અને ફેર નોટ બૂક એવી ભૂમિકાઓ માત્ર કુટુંબમાં જ નથી હોતી પણ અન્ય કોઈપણ સંસ્થામાં આ બે પ્રકારની ભૂમિકાઓ ભજવતી વ્યકિતઓ જોવા મળતી હોય છે. તેમાં રફ નોટ બૂક જેવી ભૂમિકાઓ ભજવનારા લોકો ખૂબ જૂજ હોય છે.

આપણે પોતે કેઈ ભૂમિકા ભજવીએ છીએ તેનું આપણે સૌ પ્રમાણિકપણે આત્મમંથન કરીએ. આપણે જો ફેર નોટબૂક જેવી ભૂમિકા ભજવતા હોઈએ તો બીજું કંઈ નહીં તો છેવટે રફ નોટ બૂક જેવી ભૂમિકા ભજવનારા વ્યકિતની સરાહના અને પ્રશંશા કરીને તેમને પ્રોત્સાહન આપીએ કારણ કે તેઓ થકી જ આપણે સુખ-સગવડતાભર્યું જીવન ભોગવતા હોઈએ છીએ. બીજી તરફ, આપણે જો રફ નોટબૂક જેવી ભૂમિકા ભજવતા હોઈએ તો કોઈની પ્રશંશાની અપેક્ષા રાખ્યા વિના નિષ્ઠાથી આપણી ભૂમિકા ભજવતા રહીએ. આપણે રફ નોટ બૂકની ભૂમિકામાં જ રહીએ તો તેનાથી વિશેષ બીજુ ઉજળું શું હોય શકે? તેનાથી વિશેષ બીજો આનંદ શું હોય શકે?

# જીવનમાં આટલા ત્રાસ ઓછા હોય તેમ જાહેરખબરોનો ત્રાસ આધુનિક યુગમાં વધી ગયો છે



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

**ત્રાસ્યા આ જાહેરાતોથી!**

માણસ જન્મે ત્યારથી અનેક પ્રકારના ત્રાસો એને સહન કરવા પડે છે. નાના બાળકને ઊંઘવું હોય ત્યારે એને ''હાય સ્વીટું'' કરતાં રમાડનારા આવી જાય છે અને રમવું હોય ત્યારે ઘોડિયામાં પરાણે '' હાલાલૂલૂ હાલા'' ગાઈને ઊંઘાડી દેવામાં આવે છે. કર્કશ સૂરે ગવાતું હાલરડું વધારે ના સાંભળવું પડે એમ સમજીને જ બાળક જલ્દીથી સૂઈ જતું હશે. એ થોડું મોટું થાય ત્યાં નિશાળના ચોપડા, લેશન અને માસ્તરોનો ત્રાસ શરુ થાય. કોરોના કાળમાં સ્કુલે જવાનું બંધ થયું તો ઓનલાઈન એજ્યુકેશનનો ત્રાસ એના વિકલ્પ સ્વરુપે ખડો કરી દેવાયો.. નોકરી લાગ્યા તો ઓફિસમાં સાહેબોનો ત્રાસ. પરણ્યા પછી પત્નિનો ત્રાસ, પત્નિને વળી સાસુસસરા અને પતિદેવનો ત્રાસ. જ્યાં રહેતા હોઈએ ત્યાં પાડોશીઓનો ત્રાસ. જુવાન હોઈએ ત્યાં સુધી સામાજિક કામોમાં દોડાદોડીનો ત્રાસ. ઘરડા થઈએ પછી જાતજાતના દુખાવા અને ભાતભાતના રોગોનો ત્રાસ. પામર માણસ ઠાઠડીમાં આડો ના પડે ત્યાં સુધી ત્રાસ એનો પીછો છોડતો નથી. આમ માણસ જન્મે તે સમયે પહેલું ''ઉવાં ઉવાં કરે'' ત્યારથી માંડીને એ સાવ બોલતો બંધ થઈ જાય ત્યાં સુધી એને અનેક પ્રકારના ત્રાસ વેઠવા પડે છે.

જીવનમાં આટલા ત્રાસ ઓછા હોય તેમ જાહેરખબરોનો ત્રાસ આધુનિક યુગમાં વધી ગયો છે. આમ તો '' ના બોલ્યામાં નવ ગુણ '' એવું કહેવાય છે, તો સામા પક્ષે'' બોલે તેના બોર વેચાય'' એવી કહેવત પણ છે. પહેલી કહેવત કેટલા લોકોએ પચાવી છે એ કહેવું અઘરું છે. પણ આજકાલની જાહેરાતો જોઈને એવું લાગે છે મોટાભાગના લોકોએ બીજી કહેવત પૂરેપૂરી હજમ કરી દીધી છે. દરેક જણ પોતપોતાના બોર વેચવા છાપાઓમાં, મેગેઝીનોમાં, રેડિયોમાં, ટીવીમાં, રસ્તા ઉપરના પોસ્ટરો અને હોર્ડિંગોમાં મોટે મોટેથી બૂમબરાડા પાડી રહ્યા છે. આ બૂમબરાડામાં બિચારા માણસનો અવાજ સાવ દબાઈ ગયો છે.

સવાર પડે ને છાપાવાળો આપણા આંગણાંમાં ચાલતા વાહને છાપું ફગાવે છે. આપણી આંખો મસળતાં આજની તાજા ખબર જોવા બારણું ઉઘાડી બહાર આવી વર્તમાનપત્ર ઊઠાવીએ છીએ. જેવું છાપું હાથમાં લઈએ અને મુખ્ય મથાળું જોવા નજર કરીએ છીએ, તો સમાચાર દેખાવાના બદલે કોઈ કંપનીની કે બિલ્ડર્સની મસમોટી જાહેરખબર જોવી પડે છે. જાણે આ જાહેરખબર વાંચીને માણસ તુરત નાહ્યાધોયા વગર જ બજારમાં જઈને જાહેરાતવાળી વસ્તુ ખરીદવા જવાનો હોય કે પછી મકાન નોંધાવવા દોડવાનો હોય ! અરે ભાઈ, લોકો સમાચાર વાંચવા માટે છાપું મંગાવે છે, જાહેરખબર જોવા નહીં. પણ્ એમના લોહીમાં પેલી ''બોલે એના જ બોર વેચાય'' વાળી કહેવત પ્રસરી ગઈ હોય છે. એટલે છાપાના પાનાંઓમાં બૂમબરાડા પાડવાની એમને ટેવ પડી ગઈ હોય છે. એમને એ ખબર નથી હોતી કે હવે તો લોકો ચાખીને બોર વેચાતાં લે છે. ચાખેલું બોર ખાટું હશે તો ''થૂ'' કરીને થૂંકી નાખશે. કોઈ એને ખરીદવાનું નથી. એટલે જો તમારે બોર વેચવા જ હોય અને ઈજ્જત કમાવી હોય તો મીઠા બોર લાવો અને વેચો. મીઠા બોર ચાખનારો થોડાઘણાં બોર જરુર ખરીદશે.

છાપાવાળાને તો કશુંય કર્યા વગર કમાણી થતી હોય તો બેચાર સમાચાર કાપી નાખીનેય જાહેરખબર છાપશે. અરે ભલું થશે તો કોઈનો લેખ કાપી નાખતાંય એ અચકાશે નહીં. નવાઈની વાત એ છે કે ઘણા લોકો કયા છાપાનાં કેટલાં પાનાં આવે છે તેની ચકાસણી કરીને જ પેપર બંધાવે છે. કેટલા સમાચાર આવે છે તે કોઈ જોતું નથી, તો કયા વર્તમાનપત્રમાં નિષ્પક્ષ સમાચારો આવે છે એ જોવા કોણ બેસવાનું ? અને કાર્યદક્ષ ગૃહિણી તો માસના અંતે ભેગી થતી પસ્તીના વજનની જ ચિંતા કરવાની ને ?

મેગેઝીનોની દશા પણ વર્તમાનપત્રો જેવી જ છે. એમાં પણ જો આખા પાનાની જાહેર ખબર મળતી હોય તો સંપાદક એકાદો લેખ કે વાર્તા ઝટકો મારીને કાપી નાખે છે. એમાં મારા જેવા નવોદિતનો જ ભોગ લેવાય તે સ્વાભાવિક છે. દિવાળી અંકો તમે ધ્યાનથી જોયા હશે તો જરુર જાણતા હશો કે દરેક મેગેઝીનમાં ચિત્રો કરતાં જાહેરખબરો વધારે આવે છે. કોઈ કોઈ મેગેઝીનમાં તો વાર્તાઓ અને લેખો કરતાંય જાહેરખબરો વધારે જોવા મળે છે. આના જેવો ત્રાસ બીજો કયો હોઈ શકે ? આવા નકરા વેપારી યુગમાં જે સામયિકો એક પણ જાહેરખબર વગર પોતાના અંકો પ્રગટ કરે છે તેઓ સલામને પાત્ર છે.

જ્યારથી ટીવીની બોલબાલા વધી છે, રેડિયોનો પ્રભાવ ઘટી ગયો છે. જેમણે નાનપણમાં રેડિયો સાંભળ્યો છે તેમણે પહેલવહેલી સંગીતમય જાહેરખબર રેડિયો ઉપર જ સાંભળી હશે. હવે ટેલિવીઝન ઉપર હિન્દી ગુજરાતી ફિલ્મો આવે છે. એટલે સિનેમાઘરો બંધ પડ્યાં છે. દૂરદર્શન ઉપર જે ચલચિત્રો આવે છે એમા વચ્ચે વચ્ચે જાહેરાતો આવતી રહે છે. ઘણાને એવું લાગે છે કે જાહેરાતોના પ્રવાહમાં વચ્ચે વચ્ચે પિક્ચર આવતું રહે છે. ક્રિકેટ મેચનો આંખે દેખ્યો અહેવાલ પહેલાં રેડિયો પર આવતો હતો ત્યારે પાનના ગલ્લે લોકો કોમેંટરી સાંભળવા ટોળે વળતા. તેના કારણે થોડીક પાનમસાલાની ઘરાકીયે વધતી. હવે ઘેર ઘેર ટીવી આવી ગયાં છે અને ક્રિકેટરસિયા વધી ગયા છે. બેટ્સમેનો જેટલા ચોગ્ગા અને છગ્ગા ફટકારે છે એના કરતાં કંપનીઓ વાળા જાહેરાતો વધારે ફટકારે છે. આમ તો દરેક ઓવરના અંતે ઓછામાં ઓછી ત્રણ જાહેરાતો ફટકારવામાં આવે છે. કોઈવાર એકાદી જાહેરાત વધી જાય તો આગલી ઓવરનો એક દડો કપાઈ જાય છે. આ બૉલમાં જ વિકેટ પડી હોય તો ધબાય નમઃ. જોનારો જાહેરાતવાળાને મણ મણની ચોપડાવે ! આ ત્રાસની ફરિયાદ કોને કરવી ? સામા પક્ષના બેટસમેનના ફટકા કરતા આ જાહેરાતોના ફટકા મગજમાં તમ્મર આવી જાય એવા જબરા વાગે છે.

નોકરી જવા માટે કે કોઈ કામ માટે બજારમાં જતા હોઈએ તો રસ્તા ઉપર મોટા મોટા બોર્ડ પર જાહેરાતો એમનું ડાચુ ફાડીને ઊભી હોય છે. એમાં અડધા બોર્ડ તો સરકારના વિકાસના જ હોય છે. આમ તમને ક્યાંય વિકાસ જોવા મળે કે ના મળે પણ જાહેરખબરમાં જબરો વિકાસ જોવા મળે છે. એમાં નિશાળે જતા બાળકોના ખુશખુશાલ ચહેરા જોવા મળે, ખભે દાતરડું મૂકીને હસતો ખેડૂત જોવા મળે, કારખાનામાં કામ કરતો મજુર તબિયતથી ચા પીતો જોવા મળે. રસોડામાં રોટલા શેકતી ગ્રામ્ય સ્ત્રી મલકાતી પણ જોવા મળે. સરકાર જેવી સરકાર પણ માને છે કે બોલે એના જ બોર વેચાય. હવે આ જાહેરાત ઊંચું જોઈને વાંચતાં વાંચતા ચાલતા હોઈએ અને પોદળામાં પગ પડી જાય તો શું કરવું. ગાય અને કૂતરાં જેવા પ્રાણીઓ એમના કશાય કામની કશી જાહેરાત કરતા નથી. આવા ત્રાસનું શું કરવું એની કશી ખબર પડતી નથી !